# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા.૨૪.૦૨.૨૦૧૮

---

**વિધાનસભા ગૃહમાં રાજ્યપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવમાં ભાજપાના પ્રદેશ અધ્યક્ષ અને ભાવનગરના યુવા ધારાસભ્યશ્રી જીતુભાઇ વાઘાણીનું મનનીય પ્રવચન**

---

**લોકશાહીના પર્વ સમાન ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઇ રાજ્યના કરોડો મતદારોએ લોકતંત્રનું મુલ્ય વધાર્યું છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---

**ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ તરફ લઇ જવા માટેનું પાયાનું કામ માનનીય અટલ બિહારી બાજપાઇજીની સરકારે કર્યું હતું**

---

**વર્ષો પછી દેશને પ્રમાણિક અને ઇમાનદાર સરકાર મળી છે, પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ચાર જ વર્ષમાં ભારત આજે વિશ્વનું સૌથી વધુ ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે.**

---

**કોંગ્રેસના તૃષ્ટીકરણ, કોમવાદ, જાતિવાદ અને જુઠ્ઠાણાઓ દ્વારા નકારાત્મકતા ઉભી કરવાના તમામ પ્રયાસોને રાજ્યની જનતાએ ફગાવી લીધા છે**

---

**ગૃહમાં ભગવાનના નામે શપથ લેવામાં પણ કેટલાંક સભ્યોને શરમ આવે છે ત્યારે, ભગવાન પણ દુ:ખ સાથે કહેતો હશે તમને મારા પર ભરોસો નહિં કે ?**

---

**ગૃહમાં ધાંધલ-ધમાલ મચાવી કામગીરીને અટકાવવાનો પ્રયાસ લોકતંત્રને શોભે તેવો નથી, ગૃહની ગરિમા અને ગૌરવશાળી ઇતિહાસ જાળવવાની જવાબદારી આપણા સૌની છે**

---

**સિર્ફ હંગામા ખડા કરના હમારા મકસદ નહિં, હમારી કોશીષ યે હો કિ સુરત બદલની ચાહીએ**

---

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ અને ભાવનગરના ધારાસભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ ગુજરાત વિધાનસભા ગૃહના અંદાજપત્ર સત્રમાં રાજ્યપાલશ્રીએ કરેલા સંબોધન પરના આભાર પ્રસ્તાવમાં જણાવ્યું હતુ કે, લોકશાહીના પર્વ સમાન ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં શાંતિમય રીતે ઉત્સાહપૂર્વક ભાગ લઇ રાજ્યના કરોડો મતદારોએ લોકતંત્રનું મુલ્ય વધાર્યું છે. કોંગ્રેસે તેની નકારાત્મક રાજનીતિના ભાગરૂપે કોમવાદ, જાતિવાદ, જુઠ્ઠાણાંઓ, તૃષ્ટિકરણ જેવા અનેક પડકારો ઉભા કરવાના વ્યર્થ પ્રયાસો કર્યા પરંતુ ગુજરાતની શાણી અને સમજુ પ્રજાએ તેને જાકારો આપ્યો છે. રાજ્યની જનતાએ ભાજપાની લોકકલ્યાણકારી અને વિકાસની રાજનીતિને સ્વીકારીને રાજ્યમાં સતત છઠ્ઠી વખત ભાજપાને વિજય અપાયો છે તે બદલ ગુજરાતની જનતા જનાર્દનનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આવતીકાલના ગુજરાતની કલ્પના તેમજ રાજ્ય સરકારે કરેલી કામગીરીનો ચિતાર અને સરકારની નીતિરીતિઓ રજુ કરવામાં આવી છે. **"સર્વ જન હિતાય, સર્વ જન સુખાય"** ના મંત્રને ચરિતાર્થ કરનારી આ સરકાર છે. સામાન્ય જનતાને ધ્યાનમાં રાખીને તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સતત મથતી આ સરકાર છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



અખંડ ભારતના શીલ્પી, એકતા અને અખંડિતતા માટે જેમનું નામ દુનિયામાં બેજોડ છે તેવા સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ બનાવવા માટે જ્યારે લોખંડ ઉઘરાવવા અને મહામાનવનો પરિચય દેશ અને દુનિયાને કરાવવા નિકળ્યા હતા ત્યારે કેટલાક લોકો એવું કહેતા હતા કે આ ભંગારનું શું કરશો ? મારે તેમને કહેવું છે કે, આવો જોવા માટે કેવડીયા કોલોનીમાં કેવડું વિશાળ સ્ટેચ્યુ ઓફ યુનિટિનું સ્મારક ઉભું થઇ રહ્યું છે. એ જોવા માટે સૌને સહર્ષ નિમંત્રણ આપું છું. સરદાર વલ્લભભાઇ પટેલે હિન્દુસ્તાનની એકતા, અખંડિતતા જાળવી રાખવા માટે પોતાની જાત ઘસી નાંખી છે જ્યારે, આ લોકોએ તો એકતા તોડવા માટે કોમવાદ, જાતિવાદ, જ્ઞાતિવાદના વેર-ઝેર રેડવામાં કશું બાકી રાખ્યું નથી.

શ્રી વાઘાણીએ વિપક્ષ પર કટાક્ષ કરતાં જણાવ્યું હતુ કે, કેટલાંક લોકો વારંવાર સ્પ્રીંગની જેમ ઉછળીને ગૃહની કાર્યવાહી ખોરવવાનાં પ્રયાસો કરતાં હોય છે પરંતુ, ગુજરાતની જનતા આવા લોકોને સ્પ્રીંગની જેમ જ ઉછાળીને વિધાનસભાની બહાર ફેંકી દે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ૧૪મી વિધાનસભાના સભ્ય તરીકેના શપથ આ ગૃહના સભ્યો લઇ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોને ભગવાનના નામે શપથ લેવામાં પણ શરમ આવે છે ત્યારે મને લાગે છે કે ભગવાન પણ દુઃખ સાથે કહેતો હશે કે તને મારા પર ભરોસો નહિં કે ? ભગવાનને ન માનવાવાળા લોકો ભગવાન શ્રીરામના અસ્તિત્વ સામે સવાલો ઉભા કરી કોર્ટમાં એફિડેવિટ ફાઇલ કરે તે સ્વાભાવિક છે. કોંગ્રેસના કપિલ સિબ્બલ કોર્ટમાં એવી દલીલ કરે કે ૨૦૧૯ સુધી રામમંદિર બનવા નહિં દેતાં ત્યારે રામમંદિરની વાતો કરતાં વિપક્ષના નેતાને હું કહું છું કે, કોંગ્રેસમાં હિંમત હોય તો તમારી પાર્ટીમાં રામમંદિર માટેનો ઠરાવ કરીને બતાવો. અમારી પાર્ટીનો એજન્ડા તો સ્પષ્ટ છે કે રામમંદિર બનવું જ જોઇએ.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, જનતાની આશા અને અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકાર અથાગ પરિશ્રમ કરી રહી છે. ત્યારે, વિપક્ષને પણ મારી વિનંતી છે કે, વિધાનસભા એ કોઇ રણસંગ્રામનું મેદાન નથી, ચૂંટણીઓ પૂરી થઇ છે. અંહિયા ગુજરાતના ભવિષ્યની નીતિઓ નિર્ધારિત કરવા માટેની જવાબદારીઓ સત્તા પક્ષ અને વિપક્ષની છે. ગૃહમાં ધાંધલ-ધમાલ મચાવી કામગીરીને અટકાવવાનો પ્રયાસ લોકતંત્રને શોભે તેવો નથી. મુલ્યનિષ્ઠ જવાબદારી નિભાવવા માટે હું વિપક્ષને વિનંતી કરું છું. ગૃહની ગરિમા અને ગૌરવશાળી ઇતિહાસ જાળવવાની જવાબદારી આપણા સૌની છે. અમારી પાર્ટીની સરકારનું મન ખુલ્લું છે તમારી પાસે કોઇ નવી યોજનાઓ હોય, નવા વિચારો હોય તો ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે તમારા સૂચનો આવકારવામાં અમને જરા પણ છોછ નથી. **"સિર્ફ હંગામા ખડા કરના હમારા મકસદ નહિં, હમારી કોશીષ યે હો કિ સુરત બદલની ચાહીએ"**

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, આઝાદી બાદના આટલાં વર્ષો પછી પણ આપણો દેશ વિકસિત દેશોની શ્રેણીમાં નથી આવી શક્યો તે નરી વાસ્તવિક્તા છે. પરંતુ કોંગ્રેસને એક ક્રેડિટ આપી શકાય તેવું છે. તેઓએ આ દેશને ઓસ્કાર એવોર્ડ અપાવ્યો છે. ૫૦ વર્ષનું તેમનું શાસન, ગામડાઓની શહેર તરફની દોટને લીધે જો ગામડાઓ તુટ્યાં ન હોત તો શહેરોમાં ઝૂંપડપટ્ટીઓએ આકાર લીધો ના હોત અને ઝૂંપડપટ્ટીઓ ના બની હોત તો વિદેશી ગોરાઓએ "સ્લમડોગ મિલિયોનેર" નામની ફિલ્મ ના બનાવી હોત અને તેને ઓસ્કાર એવોર્ડ પણ ના મળ્યો હોત. આ એવોર્ડ માટે તો કોંગ્રેસને અભિનંદન આપવા જ પડે. તેમની નીતિરીતિઓ અને રાજનીતિને કારણે આ દેશ ગરીબ રહ્યો, પછાત માણસ પછાત રહે, ગરીબ વધુ ગરીબ બને, અભણ માણસ અભણ રહે તે પ્રકારની જ રાજનીતિ કોંગ્રેસે કરી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ તરફ લઇ જવા માટેનું પાયાનું કામ માનનીય અટલબિહારી બાજપાઇજીની સરકારે શરૂ કર્યું હતું. વર્ષો પછી આજે જ્યારે દેશને એક પ્રમાણિક અને ઈમાનદાર સરકાર મળી છે ત્યારે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ચાર જ વર્ષમાં ભારત આજે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિકાસનીતિ અને ગૂડ ગવર્નન્સની ચારે તરફ સરાહના થઇ રહી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી એ ''પાવરહાઉસ'' છે જ્યાંથી માત્ર વડનગરને નહિં, માત્ર મહેસાણાને નહિં, માત્ર ઉત્તર ગુજરાતને નહિં, માત્ર ગુજરાતને નહિં, માત્ર ભારતને નહિં પરંતુ સમગ્ર વિશ્વને તેમાંથી **"વસુધૈવ કુટુંબકમ્"** ની ભાવનાની ઉર્જા પ્રાપ્ત થઇ રહી છે. આજે ભારત વિશ્વમાં યુવાદેશ તરીકે ઓળખાય છે. દેશની ૬૫ ટકા વસ્તી યુવાન છે ત્યારે, યુવાધન સકારાત્મકતા સાથે આગળ વધે તે માટે માનનીય શ્રી નરેન્દ્રભાઇએ ડેમોગ્રાફિક ડિવિડન્ડ એ ડેમોગ્રાફિક ડિઝાસ્ટર ન બને પરંતુ ડેમોગ્રાફિક સરપ્લસ બને તે માટે પ્રયાસો હાથ ધર્યા છે. પરંતુ બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે કેટલાક લોકો પોતાના રાજકીય રોટલા શેકવા માટે આવા યુવાધનને ભરમાવવાનાં હીન પ્રયાસો કરી રહ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભાજપા આજે દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. સમગ્ર દેશના ૧૯ જેટલા રાજ્યોમાં ભાજપાની સરકારો છે ત્યારે, માનનીય બાજપાઇજીએ ભાજપાની સ્થાપના વખતે મુંબઇ અધિવેશનમાં બોલેલા શબ્દો મારા હદયપટ પર આજે પણ અંકિત થયેલા છે **"અંધેરા હટેગા, સૂરજ નિકલેગા, કમલ ખીલેગા"**.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ગુજરાતના વિકાસની બે દાયકાની આ યાત્રામાં માનનીય કેશુભાઇ, માનનીય નરેન્દ્રભાઇ મોદી, માનનીય આનંદીબેન પટેલે વિકાસની જે કેડીઓ કંડારેલી છે તેના પર આજે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત પૂરપાટ ઝડપે આગળ વધી રહ્યું છે. ગુજરાત એ વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે ત્યારે, આવો આપણે સૌ તમામ વિઘ્નોને પાર પાડી ગુજરાતના વિકાસને નવી ઉંચાઇઓ પર લઇ જઇએ.

''બાધા એ આતી હૈ તો આયે, ધિરે પ્રલય કી ઘોર ઘટાએ,
પાંવો કે નીચે અંગારે, સીર પર બરસે યદી જ્વાલાએ,
નિજ હાથો મે હસ્તે હસ્તે, આગ લગાકર જલના હોગા,
કદમ મિલાકર ચલના હોગા, કદમ મિલાકર ચલના હોગા''

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતુ કે, ગુજરાત વધુ વૈભવશાળી બને તે ધ્યેય સાથે મરજીવા થઇને અમે નીકળ્યા છીએ. **"તેરા વૈભવ રહે માં, હમ દિન ચાર રહે ના રહે"** આ મંત્રને લઇને ભાજપાની સરકાર અવિરત કાર્યરત રહેશે તેવી લાગણી વ્યક્ત કરી તેમનું પ્રવચન પૂર્ણ કર્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા.૨૪.૦૨.૨૦૧૮

------------

**પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ**

------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, આજરોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઇ હતી.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, તાજેતરમાં જ ગુજરાતની **૭૫** નગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાઇ હતી. જેમાંથી **૪૭** નગરપાલિકાઓમાં ભાજપાનો ભવ્ય વિજય થયો છે. ગઇકાલે પ્રદેશ ભાજપા તરફથી જે-તે નગરપાલિકાઓમાં બે-બે નિરિક્ષકો મોકલવામાં આવ્યા હતા, આ નિરિક્ષકોએ જીલ્લા/શહેરની સંકલન સમિતિઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેની બેઠકોમાં નગરપાલિકાઓના પ્રમુખ-ઉપપ્રમુખોના નામો અંગેની ચર્ચા-વિચારણાઓ કરી હતી.

આજરોજ મળેલી પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં **૪૭** નગરપાલિકાઓના પ્રભારી મંત્રીશ્રીઓ, પ્રદેશ નિરિક્ષકો તથા જીલ્લા/શહેર સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને પાર્લામેન્ટ્રી બોર્ડ સમક્ષ તેમનો અહેવાલ રજુ કર્યો હતો. નગરપાલિકાઓના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીના દિવસે ભાજપા પ્રદેશ તરફથી મેન્ડેટ મોકલવામાં આવશે.

શ્રી પંડ્યાએ મતદારોનો આભાર માનતા જણાવ્યું હતુ કે, ગુજરાત વિધાનસભામાં સતત છઠ્ઠી વખત જનતા જનાર્દનના આશીર્વાદથી ભાજપાના વિજયી બન્યા બાદ સરપંચોની ચૂંટણીઓમાં **૭૫** ટકા ભાજપા સમર્થિત સરપંચો ચૂંટાયા છે ત્યારબાદ થયેલી નગરપાલિકાઓની ચૂંટણીઓમાં **૪૭** નગરપાલિકાઓમાં ભવ્ય વિજય થયો છે. તાજેતરમાં જ પૂર્ણ થયેલી જીલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપાનો ભવ્ય વિજય થયો છે.

જીલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપાએ કુલ **૬૧** બેઠકો પર વિજય મેળવ્યો છે. ૨૦૧૩ના પરિણામોની સરખામણીમાં આ વખતે ભાજપાની કુલ બેઠકોમાં **૧૪ બેઠકોનો વધારો થયો** છે. જીલ્લા પંચાયત પેટા ચૂંટણીઓમાં **૦૫** માંથી **૦૩** બેઠકો ભાજપાને તથા તાલુકા પંચાયતની પેટા ચૂંટણીઓમાં પણ **૨૪** માંથી **૧૮** બેઠકો પર ભાજપાનો ભવ્ય વિજય થયો છે.

કોંગ્રેસનો ગઢ ગણાતા ખેડા જીલ્લામાં પણ ભાજપાનો ભગવો લહેરાયો છે. બે તૃત્યાંસ બહુમતિ સાથે ખેડા જીલ્લા પંચાયત ભાજપાએ કબજે કરી છે. ૨૦૧૩માં ખેડા જીલ્લા પંચાયતમાં ભાજપાના **૧૮** સભ્યો ચૂંટાયા હતા જ્યારે આ વખતે **૨૮** સભ્યો ભાજપાના ચૂંટાયા છે. તે જ રીતે બનાસકાંઠા જીલ્લા પંચાયતમાં પણ ૨૦૧૩માં **૨૬** સભ્યો ભાજપાના ચૂંટાયા હતા જ્યારે આ વખતે **૩૦** સભ્યો ભાજપાના ચૂંટાયા છે. આ ઉપરાંત **૦૭** તાલુકા પંચાયતોમાં ભાજપાને સંપૂર્ણ બહુમતિ મળી છે. **૦૨** જીલ્લા પંચાયત અને **૧૭** તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપાના કુલ **૨૬૭** સભ્યો વિજયી બન્યા. આ પરિણામ એ સમગ્ર ગુજરાતની ગ્રામીણ જનતાના ભાજપા તરફી જનમતનું પ્રતિબિંબ છે

શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યું હતુ કે, આજની આ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર, શ્રી શંભુપ્રસાદજી ટુંડીયા, શ્રી કાનાજી, શ્રી રાજેશભાઇ ચૂડાસમા તેમજ પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ અને શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ